અપીલ અરજી નં.૧૨ તા.૮–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૪–૩–૧૧ની અરજીથી (૧) સાંઈકૃપા ઈન્ડ.એસ્ટેટ, આંજણાફાર્મ (૨) જયનારાયણ ઈન્ડ. એસ્ટેટ ,આંજણા ફાર્મ (૩) ટોરેન્ટ પાવર સામે રામબાગ સો.ની બાજુમાં (૪) કરૂણાપાર્ક, ફાધર સન અંગેજી સ્કુલ સામે પરવત પાટીયા ઉપરોકત તમામ જગ્યાઓ ઉપર એક નહીં પરંતુ અનેક આડેધડ બાંધકામ ચાલી રહયા છે તેની કાયદેસરતા, પરવાનગી માળ,ક્ષેત્રફળ ની સંપુર્ણ વિગતવાર માહિતી તથા તા.૨૧–૨–૧૧ ની કાર્યપાલક ઈજનેરશ્રીને આપેલ અરજીની થયેલ કાર્યવાહીની માહિતિઆપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૦૮–૪–૧૧ ની **SMC/FAP/** નં.૧૨ /૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૪–૩–૧૧ની અરજીથી (૧) સાંઈકૃપા ઈન્ડ.એસ્ટેટ, આંજણાફાર્મ (૨) જયનારાયણ ઈન્ડ. એસ્ટેટ, આંજણા ફાર્મ (૩) ટોરેન્ટ પાવર સામે રામબાગ સો.ની બાજુમાં (૪) કરૂણાપાર્ક , ફાધર સન અંગેજી સ્કુલ સામે પરવત પાટીયા ઉપરોકત તમામ જગ્યાઓ ઉપર એક નહીં પરંતુ અનેક આડેધડ બાંધકામ ચાલી રહયા છે તેની કાયદેસરતા, પરવાનગી માળ, ક્ષેત્રફળ ની સંપુર્ણ વિગતવાર માહિતી તથા તા.૨૧–૨–૧૧ ની કાર્યપાલક ઈજનેરશ્રીને આપેલ અરજીની થયેલ કાર્યવાહીની માહિતિ આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૦૮–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૦ તા.૧૫–૪–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૪–૩–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી લીંબાયતઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી કોઈ માહિતી આપેલ હોવાનું જણાતું નથી કે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. અરજદારે નિયત સમય અવધિમાં કોઈ પણ માહિતી કે નિર્ણય મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા.૮–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૩–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલી ન હોય મુળ અરજીથી માંગેલ માહિતિ દફતરી વિગતે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ